sitilink
(An Undertaking of Surat Municipal Corporation)

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઈ રહેલ છે. સમગ્ર ભારતમાં સુરત શહેર માત્ર એક જ શહેર છે જ્યાં એક ટીકીટ થી સીટીબસ અને BRTS માં મુસાફરી કરી શકાય છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસના કુલ ૪૫ રૂટ ઉપર આશરે દૈનિક ૨,૦૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઈ રહેલ છે.

તા.૦૭/૦૩/૨૦૨૪ ના રોજ યોજાયેલ સુરત સીટીલીંક લી. ની ૪૦મી બોર્ડ મીટીંગમાં મળેલ મંજુરી અન્વયે મુસાફરોની માંગ તથા જરૂરીયાતને ધ્યાને લેતા તા.૨૩/૦૮/૨૦૨૪ ને શુક્રવારના રોજથી સીટી રૂટ નં.૧૪૬ (સુરત રેલ્વે સ્ટેશનથી ગેલ કોલોની, વેસુ વાયા સહારા દરવાજા, ઉધના દરવાજા, ખરવરનગર, સોસ્યો સર્કલ, અણુવ્રત ધ્વાર, જી.ડી ગોએન્કા સ્કુલ, અગરવાલ વિદ્યા વિહાર) શરુ કરવામાં આવનાર છે. જેથી વેસુ વિસ્તારમાં રહેતા રહેવાસીઓ માટે સુરત રેલ્વે સ્ટેશનની ડાયરેક્ટ કનેક્ટિવિટી મળી રહેશે. જેથી જાહેર જનતાને સદર સેવાનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ..............................
તા.૨૨/૦૮/૨૦૨૪